

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*આખાં તામિલનાડુને હીબકે ચડાવી ગયાં!*
*વિરોધીઓનાં ચાર આંસી પડાવી ગયાં!*
*દોડાવી ગયાં ઘોડો અભિનયનો નેતા તરીકે -*
*દીન-દુખીયાં-ગરીબોનાં બેલી રડાવી ગયાં!*
*(જયલલિતા પંચમહાભૂતમાં વિલિન)*

હાઈકુ

*માણ્યું જીવન,*
*ખાઈ-પી દાન દીધાં -*
*ગ્યાં પ્હેરી-ઓઢી...*

*થયાં અમર,*
*રહ્યાં દીન હૃદયમાં,*
*'જય' લલિતા...*

*(પ્રજા વત્સલ, શોખીન નેતૃત્વ)*

## ચિંતન

*ઉદ્યોગે નાસ્તિ દારિદ્રયં જપતો નાસ્તિ પાતકમ્ ।*
*મૌને ચ કલહો નાસ્તિ નાસ્તિ જાગરિતે ભયમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેન્ટમાંથી લેવામાં આવેલ છે.

જેમ પુરુષાર્થથી દરિદ્રતા અને જપથી પાપ દૂર થાય છે તેમ મૌન રહેવાથી કલહ અને સદાય સતર્ક રહેવાથી ભયનો નાશ થાય છે.

પુરુષાર્થ એ જ પારસમણિ. પરિશ્રમ - મહેનત કરવાથી જ સફળતા મળે છે અને દરિદ્રતા દૂર થાય છે. ભગવાનના નામ જપાથી પાપ દૂર થાય છે, મન અને આત્મા શુદ્ધ થાય છે. કર્મ કરવાથી પ્રેરણા મળે છે અને વ્યક્તિ કુકર્મો કરવાથી દૂર રહે છે.

સમય અને સંજોગો જોઈને ઘણી વખત મૌન ધારણ કરવાથી વાદ-વિવાદ ઊભા થતા નથી. મૌન રહેવું મુશ્કેલ છે, પણ તેનું પરિણામ સારું હોય છે. સતત સતર્ક રહેનાર ને કોઈ ચીજ વસ્તુનો ડર રહેતો નથી અને તે અપ્રિય સ્થિતિનું નિર્માણ થાય તે પહેલાં જ તેને સંભાળી લે છે.

## સુવિચાર

- મરણ નિશ્ચિત છે છતાં માણસ તેને મહોત્સવ બનાવવા માટે મહેનત ન કરે તેને રડવાનો વારો આવે છે - **અમૃતબિંદુ**
- ઘરમાં પ્રવેશતા કચરાને અટકાવવા બારી-બારણા બંધ કરો છો તેમ કુવિચારોને પણ વિવેકથી અટકાવો - **એસ. ભટ્ટાચાર્ય**
- જો વ્યક્તિ ક્રોધને પ્રેમમાં વહાવે તો કૃષ્ણ બની જશે, અને ધ્યાનમાં વહાવે તો બુદ્ધ બની જશે - **રજનીશ**
- ધનવાન કંજુસ ગરીબ કરતાં વધુ ગરીબ છે - **અરબી કહેવત**
- કોઈ પણ ખરાબ મનોરથથી બોલાયેલું સત્ય સૌથી મોટું જૂઠ છે - **વિલિયમ બ્લેક**
- અન્યાય સહન કરનાર કરતાં અન્યાય કરનાર વધુ દુઃખી થશે - **પ્લેટો**
- આજનું ઔષધ : બે ટી સ્પૂન કોપરેલમાં લીંબુનો રસ મેળવી વાળના મૂળમાં લગાવવાથી ખોડામાં તરત રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

હવે તો કવિ-વેપારીઓ-સાહિત્યકારો-સંતો, કથાકારો બધામાં 'રાજકારણ' પેસી ગયું છે. કથાકારો પણ કોઈ કોંગ્રેસ ના હોય કે કોઈ ભાજપનાં. એવું જ સંતોમાં છે રાજકારણ ત્યાં નથી?

આસામના કોચ નામના રાજયમાં સંત શંકર સાદો નાનો આશ્રમ બનાવી રહેતા હતા. એમની સાદગી-સરળતા નિર્લેપપણાનો કોચના રાજા તેમના પ્રત્યે ખૂબ આદરભાવ હતો. તેથી રાજા તેમને ધર્મગુરુ બનાવી દરબારમાં પ્રસ્થાપિત કરવા ઈચ્છતા હતા. રાજા અવારનવાર તેમને આ અંગે આગ્રહ ભરી વિનંતી કરતા પણ સંત તેમની વાત હસી-મજાકમાં કદી ગંભીરપણે સાંભળતા ન હતા.

એક દિવસ રાજાનો આગ્રહ દુરાગ્રહમાં પલટાયો - હઠ કરી - 'આજે મારી સાથે ચાલો જ.' સંત કહે સારું કાલે શુભ ચોઘડીએ આવીશ.

બીજે દિવસે સવારે રાજાએ સંતને લેવાની પાલખી મોકલી - પાલખી ચીઠ્ઠી સાથે પાછી આવી. સંતે આત્મહત્યા દ્વારા દેહત્યાગ કર્યો હતો. સંતે લખ્યું હતું. 'દરબારમાં ધર્મગુરુનો ચીલો મારાથી શરુ થાય એવું હું ઈચ્છતો ન હતો. મારા પછી કોઈ અસંસ્કારી આવે અને પ્રજાને અંધશ્રધ્ધા દ્વારા લૂંટવાનું કામ કરે એ યોગ્ય ન થાત - માટે હું દેહત્યાગ કરું છું.'

# અડવાણીની ચિંતા - આખા દેશની ચિંતા

સંસદ ચલાવવા માટે નથી સરકારને રસ... નથી વિરોધપક્ષને રસ... કે નથી અધ્યક્ષને રસ...! આ વિધાન કોઈ પત્રકાર કે વિરોધપક્ષના નેતાનું નથી પરંતુ ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીનું છે. ચિંતાજનક સ્થિતિ સર્જાઈ રહી છે. જેનો પડઘો અડવાણીજીએ યોગ્ય રીતે યોગ્ય સમયે પાડ્યો છે. ૨૦-૨૦ દિવસ સુધી સંસદના બંને ગૃહો ચાલે નહિ એ સૌના માટે ચિંતાનો વિષય છે. નોટબંધીના મામલે રોજેરોજ હોબાળા થાય છે. સરકાર ગંભીરતાથી પહેલ કરતી નથી. કે વિરોધ પક્ષોનો કોઈ રચનાત્મક અભિગમ નથી. બંને ગૃહોના અધ્યક્ષો પણ માત્ર સાક્ષીભાવે બધુ ચાલવા દે છે.

પ્રજાના ૫૪૩ પ્રતિનિધિઓ માત્ર અને માત્ર હોબાળા કરીને વિખરાઈ જાય એવું કયાં સુધી ચાલી શકે...?! કરોડો રૂપિયાના ખર્ચે ચૂંટણી લડીને જીતીને આવેલા પ્રતિનિધિઓને પ્રજાની વેદનાની કોઈ ચિંતા જ નથી કે શું?! શાસક પત્ર હોય કે વિરોધ પક્ષ હોય. લોકશાહી ચલાવવાની જવાબદારી બંને પક્ષોની છે. લોકશાહીના મંદિર તરીકે ઓળખાતા સંસદ ભવનમાં સરકારી તિજોરીના પૈસા વેડફાય છે. એનું ગણિત પણ મંડાવું જોઈએ. લાખો કરોડો રૂપિયા રોજેરોજની કામગીરી પાછળ ખર્ચાતા હોય ત્યારે બધા જ પ્રતિનિધિઓ બેજવાબદાર બનીને વર્તે છે ત્યારે શ્રદ્ધા ડગતી જાય છે. સરકાર કેમ પહેલ કરીને વિરોધપક્ષોના પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ કરવા માગતી નથી? વિરોધપક્ષો પણ રચનાત્મક અભિગમ અપનાવી સમાધાનકારી વલણ કેમ અપનાવતા નથી? બંને ગૃહોના અધ્યક્ષો સમજાવટથી સકારાત્મક માહોલ કેમ ઊભો નથી કરતી શકતા? આ પ્રશ્નો માત્ર લાલકૃષ્ણ અડવાણીને સતાવે છે એમ નથી પણ દેશની આમ પ્રજાને પણ સતાવે છે. પ્રજાની વેદનાને વાચા આપવા મત માગતા અને મત મેળવીને વેદના ભૂલી જતાં સાંસદોના વર્તમાન વલણ અને વર્તન લોકશાહી માટે ચિંતાજનક બનતું જાય છે.

નોટબંધીના મામલે મીડિયાના માધ્યમથી સભાઓના માધ્યમથી ઘણીબધી વાતો કરતી સરકાર સંસદમાં કેમ અટકી જાય છે? વિરોધપક્ષની માંગણી છતાં પ્રધાનમંત્રી ૧૫-૧૫ દિવસથી પ્રશ્નોના જવાબ આપવા હાજર નથી થતા. ખુબ જ સરળ વાત છે. લોકસભા અધ્યક્ષ પહેલ કરીને સરકારને ફરજ પાડવી જોઈએ અને

**તંત્રીસ્થાનેથી...**

વિપક્ષને પણ પ્રમાણસર સમય આપી ચર્ચાનો અવકાશ આપવો જોઈએ. વિશ્વમાં સૌથી મોટા લોકશાહી દેશ તરીકે ગૌરવ લેતા આપણે શરમજનક સ્થિતિમાં મુકાતા જઈએ છીએ. ડહાપણ અને શાણપણ ધરાવતા આપણે લોકશાહીના મૂલ્યોનું જાહેરમાં અવમાન કરીએ છીએ. નોટબંધી કે અન્ય પ્રશ્નો માટે ચર્ચાનો અવકાશ હોવો જ જોઈએ. તંદુરસ્ત ચર્ચા જ લોકશાહીનો પ્રાણ છે. ચર્ચા વિનાનો કોઈ પણ નિર્ણય પ્રજા માટે હાનિકારક બની રહેશે. હવે વધુ મોડું થાય તે પહેલાં દેશના તમામ સંસદ સભ્ય ગંભીરતાથી પ્રજાના પ્રશ્નો અને વિકાસની ચર્ચા સંસદના બંને ગૃહોમાં અસરકારક રીતે કરે તેવી સમયની અને પ્રજાની માંગ છે. લાખ લાખ રૂપિયાની એક એક ક્ષણ વેડફાય નહિં તેની કાળજી પણ પ્રજાના પ્રતિનિધિએ લેવી જોઈએ. લોકશાહીના આધારસ્તંભ સમાન સંસદની કાર્યવાહીને આગળ ધપાવવા અડવાણીજીએ કરેલી ચિંતા સાથે આખો દેશ છે.

# જાતે બનાવો...ચ્યવનપ્રાશ

શિયાળો શરૂ થઈ ગયો છે. ગુલાબી ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે. શિયાળો આવતા જ લોકો હેલ્થ વિષે થોડા કોન્શીયસ થઈ જાય છે. મૉર્નિંગ વોક, કસરત, ફ્રુટ અને વેજીટેબલ્સના જ્યુસ, અને ચ્યવનપ્રાશ.. આ બધાનો ઉપયોગ અને અનુભવ થવા લાગે છે. આજે આપણે ચ્યવનપ્રાશ વિષે અમુક જાણવાલાયક બાબતો પર પ્રકાશ પાડીએ.

એમ કહેવાય છે કે દેવોના વૈદ્યો અશ્વિનીકુમારોએ મહર્ષિ ચ્યવન માટે આ પ્રાશન બનાવ્યું હતું. આ પ્રાશનના ઉપયોગથી મહર્ષિ ચ્યવનનો કાયાકલ્પ થયેલો અને તેઓ સંપૂર્ણ સ્વસ્થ અને રોગમુક્ત બન્યા હતા. આજે તો ચ્યવનપ્રાશ એ આયુર્વેદની એક મોટી બ્રાન્ડ બની ગઈ છે. આયુર્વેદની લગભગ દરેક મોટી ફાર્મસી ચ્યનપ્રાશ બનાવે છે અને ધૂમ પૈસા ખર્ચીને તેનુ બ્રાન્ડીંગ-માર્કેટીંગ કરે છે. મોટી કંપનીઓ દ્વારા બનાવાતા ચ્યવનપ્રાશની ગુણવત્તા કેવી હશે એ એક મોટો સવાલ છે.

જો આપ ચ્યવનપ્રાશના ભાવ તરફ નજર કરો તો એક કીલોના ૧૫૦ રૂ. થી લઈને ૨૦૦૦ રૂ. સુધીની રેન્જ જોવા મળશે. ચ્યવનપ્રાશમાં પડતા અમુક દ્રવ્યોના ભાવ તરફ નજર કરીએ. મૂસળી લગભગ ૩૦૦૦ રૂ. કિલો, સફેદ મરી ૧૫૦૦ રૂ. કિલો, અક્કલકરો લગભગ ૪૦૦૦ રૂ. કિલો, આ ઉપરાંત કેસર, તેજાના, અને ગાયનું ચોખ્ખું ઘી. હજુ બીજા લગભગ પચ્ચીસેક ઓસડીયા તો ગણ્યા જ નથી. આટલું તો રો-મટિરીઅલ. એ પછી વારો આવે પ્રોસેસનો. (ચ્યવનપ્રાશ બનાવવો એ થકાવી નાખતી ઘટના છે. તેમજ બનાવતી વખતે સાવચેતી પણ જરૂરી છે.) અને છેલ્લે આ કંપનીઓ લાખો-કરોડોના ખર્ચે ફિલ્મસ્ટારો અને ક્રિકેટરો પાસે ચ્યવનપ્રાશનું માર્કેટીંગ કરાવે તેનો ખર્ચો. હવે આ બધા ખર્ચા પછી જ્યારે કોઇ કંપની ૧૫૦ રૂ. કિલોમાં રીટેઈલ ગ્રાહકને ચ્યનપ્રાશ આપે (આમા સુપર સ્ટોકીસ્ટ, સ્ટોકિસ્ટ, અને હોલસેલરના કમિશનો પણ આવી ગયા) તો કંપનીને પોતાને આ ચ્યવનપ્રાશ કેટલામાં પડતો હશે? અને તેમા તેણે કેવા કેવા ઓસડીયાઓ નાખ્યા હશે એ તો એ કંપનીવાળા જ જાણે.

ચ્યવનપ્રાશનો ખરો ફાયદો લેવો હોય તો કાં તો તેને વિશ્વાસુ વૈદ્ય કે જે જાતે ચ્યવનપ્રાશ બનાવે છે તેની પાસેથી ખરીદવો અથવા તો ઉત્તમ એ જ કે જાતે ચ્યવનપ્રાશ બનાવી લેવો. ચ્યવનપ્રાશ જાતે બનાવવો એ માતાકુટીયું કામ છે પણ જો દિલથી કરીએ તો મજા પણ ખૂબ આવે. અમે જ્યારે કોલેજમાં આયુર્વેદનું ભણતા ત્યારે દર શિયાળે હોસ્ટેલમાં જાતે ચ્યવનપ્રાશ બનાવતા (હાલ પણ બનાવીએ છીએ) આ પ્રોસેસની મજા જ અલગ છે. તો... ચ્યવનપ્રાશ ઘરે કેવી રીતે બનાવવો? જો પાંચ કિલો આમળા લઈએ તો તેમા આશરે સાત થી સાડા સાત કિલો સાકર, અર્ધો કિલો ગાયનું ઘી અને અર્ધો કિલો મધ જોઈએ. આ ઉપરાંત તેમા પડતા ઓસડીયાઓ જેવા કે વિદારીકંદ, જેઠીમધ, અશ્વગંધા, ચવક, ચિત્રક, સુંઠ, ગળો, વજ, મૂસળી, વાંસકપૂર, બળદાણા, ભોરિંગણી, ગોખરૂ, કમળકાકડી, કપૂરકાચળી, ચંદન, સાટોડી, તુલસી, મીઠો લિમડો આદિ દરેક દ્રવ્યો પાંચ થી દસ ગ્રામની માત્રામાં લેવા. પ્રક્ષેપદ્રવ્યો અને સુગંધીદ્રવ્યો તરીકે પીપર, વંશલોચન, મરી, કેસર, એલચી, જાવંત્રી, તજ આદિ યોગ્ય માત્રામાં નાખવા.



પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

રેસા વગરના મોટા આમળાને કૂકરમાં બાફીને માવા જેવા થાય એટલે ઠારી, ચાળણીમાં ઘસીને માવો એકઠો કરવો. આ માવાને મોટા તપેલામાં નાખી ધીમે તાપે બાળવો. સતત હલાવતા રહેવું, માવો તપેલામાં ચોંટી ન જાય તેની કાળજી રાખવી. બધું પાણી બળી જાય અને માવો કથ્થાઇ જેવા કલરનો થાય ત્યારે તેમા સાકર નાખવી. ખૂબ હલાવીને સાકરનું પાણી બાળી નાખવું અને એક રાત સુધી આ મિશ્રણને ઠરવા દેવું. બીજે દિવસે એક પછી એક ઓસડીયા નાખતા જવા, ગરમ ઘી અને મધ ઉમેરવા અને ખૂબ હલાવતા જવું. અંતે પ્રક્ષેપદ્રવ્યો ઉમેરવા. બધું જ એકરસ થઇ જાય તેટલું મિક્સ કરી કંટેનરમાં ભરી લેવું. થઇ ગયો હોમ મેડ ચ્યવનપ્રાશ રેડી.

બજારૂ ચ્યવનપ્રાશ કરતા અનેક ગણા ઈફેક્ટીવ એવા હોમ મેડ ચ્યવનપ્રાશથી સ્વાસ્થ્ય તો મળશે જ પણ ચ્યવનપ્રાશની શુધ્ધતાની ખાતરી અને જાતે બનાવ્યાનો સંતોષ મળશે એ મોટું બોનસ છે.

- contact@atharvaayu.com

# નોટબંધીના ફાયદા બેસુમાર છે, પણ...

નોટબંધીના ફાયદા બેસુમાર છે, પણ...

ભારતના વડાપ્રધાને આઠમી નવેમ્બર-૨૦૧૬ના રોજ સાંજે સાડા આઠ વાગ્યે દેશભરમાંથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટોનું ચલણ બંધ કરવાની જાહેરાત કરી તેની સાથે જ આખા દેશમાં હલચલ મચી ગઈ.

પરંતુ પ્રિય વાચકમિત્રો, આ નોટબંધીથી દેશને અગણિત ફાયદાઓ થયા છે તેની આપણે જાણ કરવાનું મેં નક્કી કર્યું છે.

● અત્યાર સુધી આપણે કાળાં નાણાંની કેવળ વાતો જ સાંભળી હતી. ગઈ ચૂંટણીમાં વડાપ્રધાન વિદેશોની બેંકોમાંથી અઢળક કાળું નાણું ખેંચી લાવવાની જોરશોરથી રજૂઆત કરતા હતા. પણ હજુ વિદેશમાંથી કાળાં નાણાંની એકેય નોટ ભારતની રિઝર્વ બેંક સુધી પહોંચી નથી. કાંઈ વાંધો નહીં, હવે આપણા દેશમાં સંતાડેલું કાળું નાણું બહાર કાઢીને જંપીશું. પચાસ દિવસ પછી જો જો કાળાં નાણાંવાળા રાતા પાણીએ રડતા હશે.

● અમારા જેવા ઘણાને પહેલીવાર ખબર પડી કે કાળાં નાણાંનો રંગ કંઈ કાળો હોતો નથી. આપણે વાપરીએ છીએ એવા પૈસા જ છે. હવે સમજમાં આવ્યું કે ટેક્ષ ભર્યા વગર ભેગા કરેલા નાણાંને કાળાં નાણાં કહેવાય. આપણી પાસે આવાં નાણાં આવવાનો કોઈ સંજોગ નથી એટલે આવી ધમાચકડીમાંય નિરાંતે ઊંઘ માણી શકીએ છીએ.

● આ જાહેરાત બાદ પત્નીઓએ સંતાડેલા પૈસા બહાર આવ્યા છે, એથી પતિદેવો અત્યંત ખુશ છે. મને એવું થાય છે કે આ માટે બધા પતિદેવોએ પત્ની વગરના વડાપ્રધાનનું જાહેર સન્માન કરવું જોઈએ.

● અત્યાર સુધી નજીકના એટીએમમાંથી પૈસા કાઢીને ઘરનું ગાડું ચલાવતા હતા. હવે આપણા ગામ-શહેરમાં કંઈ કઈ બેંકના એટીએમ કયાં કયાં ગોઠવેલા છે એની વિગતો બધાને મોઢે થઈ ગઈ છે. આજે કયા કયા એટીએમ બંધ છે અને કયાં ચાલુ છે એ પણ ઘણાને યાદ થઈ ગયું છે.

● પહેલાં આપણે એકલા જ એટીએમમાંથી પૈસા કાઢી લાવતા હતા. હવે ઘરના સર્વે સભ્યો બેંકોની લાઈનો અને એટીએમની લાઈનોમાં ઊભા રહેવાનો અવસર પ્રાપ્ત થયો છે. આમ સામુદાયિક શ્રમનો મહિમા ઉજાગર થયો છે. આ માટે પણ આપણે વડાપ્રધાનનો આભાર માનવો જોઈએ.

● રૂપિયા બે હજારની નવી નોટ પહેલીવાર જોઈ ત્યારે કેટલો આનંદ થયેલો? હવે પાંચસોવાળી જોવા મન અધીર થયું છે. વૈરાગી માણસો જયારે એમ કહે છે કે આ નવી નોટો આવતીકાલે જૂની થવાની અને એક દિવસ એમણે પણ રદ કરવી પડશે ત્યારે મનમાં અમસ્તુ એક પળ માટે વૈરાગ આવી જાય છે.

● આટલા બધા લોકો, આટલા બધા દિવસ લાઈનોમાં ઊભા રહ્યા એટલે તેઓના કેટલા નકામા ખર્ચા ઘટી ગયા? ના તો હોટલોમાં જઈ કલાકોના કલાકો અને પૈસા અને પેટ બગાડી શક્યા! ના તેઓ સિનેમાગૃહોમાં જઈને બકવાસ ચલચિત્રો પાછળ આંખો અને સમય અને પૈસા બગાડી શક્યા! ના તેઓ દેવદર્શનના બહાને ફરવા જઈને નાહકના ખર્ચા ખરી શક્યા! ઘરના માણસોની અણછાજતી માંગણીઓને તાબે થવાનું ટાળી શકાયું. 'લાવો પૈસા, લાવો પૈસા' એમ રોજરોજ સાંભળીને ત્રાસેલા કાનોને કેટલી નિરાંત મળી એનો હિસાબ કોણ કરશે.

● આ સમયગાળામાં જેમના લગ્ન લેવાય છે એ વરવધુઓ ભારે ચિંતામાં છે. પણ આ બહાને કેટલા બધા ખોટા ખર્ચા નિવારી શકાશે એનો વિચાર કરો. બિહારના કટિહારમાં ફક્ત અગિયારસો રૂપિયામાં લગ્ન પતાવી દેવાયાના સમાચાર છે. ફક્ત અગિયાર જાનૈયા સાથે વરરાજા આવ્યા. શરુઆતમાં ચા પીવડાવી. છેલ્લે લાડુ વડે મોં મીઠું કરાવ્યું અને અઢળક આશીર્વાદ આપી કન્યાને વિદાય આપવામાં આવી. આવું ઠેર ઠેર થવા માંડશે તો બિચારા બેંડવાજાવાળા, મંડપોવાળા, ફટાકડાવાળા, રસોઈઆઓ, કપડાવાળાંઓ, દરજીઓ, બ્યુટી પાર્લરવાળીઓ, કરિયાણાવાળાઓ, ફોટોગ્રાફરો, શું કરશે એનો હવે વિચાર કરવાનો નથી. આ લગ્ન સાદાઈથી પતાવી દો. બીજો પુત્ર કે પુત્રી હોય તો એ વખતે જેટલી કરવી હોય એટલી ધામધૂમ કરજો. ના હોય તો? ટાઢા પાણીએ ગંગા નાહ્યા બીજું શું?



મનના ઉમંગો
રણછોડ પરમાર

● આપણા વડાપ્રધાન 'યોગ'ના ભારે હિમાયતી છે. એમની ભલામણથી યુનોએ વિશ્વ યોગ દિન પણ જાહેર કર્યો છે. પરંતુ હજુ આપણા દેશના મોટા ભાગના લોકો આળસના કારણે યોગથી દૂર રહે છે. આ આળસુઓની ઊંઘ ઉડાવવા જ એમને ચાર ચાર કલાક લાઈનોમાં ઊભા રહેવાનો (સં)યોગ ઊભો કરવામાં આવ્યો હોય એવું લાગે છે.

● પેલા ટોલનાકાઓવાળાનો વિચાર કરો! એમને બાપડાને કોઈ દિવસ રજા પડતી ન હતી. નોટબંધીને કારણે એક આખું વેકેશન મળી ગયું. આવા માણસો કોન્ટ્રાકટ પર કામ કરતાં હોવાથી રજાના દિવસોનો પગાર મળસે નહીં એવું ઘણાં વાંકદેખાઓ કહે છે પણ દેશ માટે કંઈક તો ભોગ આપવો પડે કે નહીં? વળી એમનેય બેંકોમાં પૈસા લેવા જવાનો રોજ સમય મળ્યો એ નફો જ છે ને?

● બેંકના કર્મચારીઓ અને અધિકારીઓ કેટલા કાર્યક્ષમ છે તે બતાવવાનો એક સુવર્ણ અવસર મળ્યો છે. તેનો તેઓ મને-કમને લાભ લઈ રહ્યા છે. સાંજ પડ્યે બધા થાકીને ટેં થઈ જાય છે એ વાત જુદી છે સમાચાર તો એવા છે કે બે ચાર બેંકવાળાઓએ કામથી કંટાળીને આ બેંક તો શું જગતથી પણ વિદાય લઈ લીધી છે. નગુણા દેશજનો એમને યાદ નહી રાખે પણ તેમના કુટુંબીજનો આ પ્રસંગ કદી ભૂલી શકશે નહીં. આ રીતે તેઓ સદાકાળ સ્મરણીય બની ગયા!

● બેંકવાળાઓને અંદર ખુરશીમાં બેસવાનું હોય છે અને ચા તથા પીવાનું પાણી મળે છે. પણ નાણાં મેળવવા લાઈનમાં ઊભા રહેલાઓનું શું?

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પોતાને બધા 'ઓળખે' એવું તો બધા ઈચ્છે છે પણ...પોતાને કોઈ 'ઓળખી જાય' એ માણસને પોસાતું નથી




નરેન્દ્ર મોદીએ અણચિંતવ્યું નાણાનું વિમુદ્રાકરણ કરી નાંખ્યું. ટીકાઓ કરતા સરાહના વધારે થઈ. વ્યાપક રાષ્ટ્રહિત માટે લેવાયેલું આ પગલું કેટલું કારગત નીવડશે એ તો સમય જ બતાવશે. અત્યારે તો દેશનો બહુજન સમાજ રાજી છે! સોશ્યલ મીડિયા, પ્રસાર-પ્રસારના સમૂહમાધ્યમો, ચૌરે—ચૌટે માત્ર 'નોટબંધી' ની જ ચર્ચા ચાલે છે. આજકાલ દેશ 'મની' અને 'મોદી-મય' બન્યો છે.

આ સંજોગોમાં કવિ શ્રી પ્રિયકાંત મણિયારનું 'એ લોકો' કાવ્ય સહજપણે યાદ આવી ગયું. સમાજને ચૂસનારા લોકો પ્રત્યે કવિનો આક્રોશ વાજબીને આંખો ખોલનારો છે. કાવ્યાંતે કવિના શબ્દો ધ્યાનાર્હ છે.....

''એ લોકો લોકો નથી. નોટો ખાઈ ઉછળતી ઉધઈ છે.
મારે કવિ થવું નથી.
ભારે અસરકારક જંતુનાશક દવા થાઉં તો ઘણું!''

નોટબંધીના આ દિવસોમાં 'નોટો ખાઈ ઉછળતી ઉધઈ' સૌએ ભાળી હશે જ!!

આજના નોટબંધીના વાસ્તવ સંદર્ભે નિનાદ અધ્યારૂના શબ્દો ઘણું બધું કહી જાય છે... બોલોને, ખાતામાં કેટલી જગ્યા છે?

મારે નોટું નાંખવી છે હજારની,
સાવ પત્તર ઠોકાઈ ગઈ બજારની!
પાનવાળો ઠીક છે કે બાકીયે રાખે,
પણ બીજે તો દેવા ને રોકડા!
જૂના તો જેમ-તેમ ચીતરી નાંખ્યા તા,
કેમ ચિતરીશું બાકીના ચોપડા?
દુકાન કરતાંય જાજી ચિંતાઓ થાય
મને મારી એ વ્હાલી વખારની!
સાવ પત્તર ઠોકાઈ ગઈ બજારની
સોનામાં બાપાના ભાવો બોલાય
અને ચાંદીમાં પહેલેથી ચાંદી!
એક જ માણહના એક અવળા ઈશારે
જુઓ આખી બજાર અહી રાંડી!
'આજે ઉધાર અને કાલે છે રોકડા'ની
સિસ્ટમ થઈ ગઈ છે અત્તારની
સાવ પત્તર ઠોકાઈ ગઈ બજારની!

અભણ ગરીબને જૂની નોટ લઈ હસતાં-હસતાં કમિશન કાપી કરિયાણું આપનારા શાહુકારો પણ જોવા મળ્યા... 'બીજાની મુશ્કેલી એ અમારો વેપાર' આવા મુદ્રાલેખવાળા અઠંગ વેપારીઓ વિમુદ્રાકરણમાં ભરબજારે જોવા મળ્યા...

આ વરવા વાસ્તવમાં હૈયે ટાઢક આપનારા એક સમાચાર વાંચવા મળ્યા... 'કેરળમાં એક ચર્ચે પોતાનું દાનપાત્ર ખુલ્લું મૂકી દીધું. કોચીના થેવાક્કલ વિસ્તારના સેન્ટ માર્ટીન સાઈલોમાલબાર ચર્ચમાં પાદરી જીમી પુચ્ચાકરે દાનપાત્ર ખુલ્લું મૂકીને જાહેર કર્યું કે રોજીંદી જરૂરીયાત પૂરી કરવા માટે નાની નોટો લઈ જાવ. કોઈ ડોક્યુમેન્ટ પર સહી કરવાની જરૂર નથી. લઈ જાવ પૈસા ને સગવડ થાય ત્યારે પાછા આપી જજો. સમાજના પૈસા સમાજને પરત કરવા દેવળે દાખવેલી આ દરિયાદિલી હૈયાને સ્પર્શી ગઈ!

હમણાં એક પ્રેરક પ્રસંગ વાંચવા મળ્યો.... વાહ,ભાઈ તમે તો કેવી સરસ મકાઈ પકવી છે! મકાઈના આટલા મોટા દાણા મે જીંદગીમાં આ પહેલી જ વાર તમારે ત્યાં જોયા.

ભારતના એ મૂક સેવકે એ ચીની ખેડૂતને બિરદાવતાં કહ્યું, ચીનની મુલાકાતે ગયેલા ભારતના પ્રતિનિધિમંડળમાં ગુજરાતના આ મૂકસેવક પણ ગયા હતા. ત્યાંના લોકોનું જીવન જોઈ, એ બહુ જ પ્રભાવિત થયા હતા.

ચીનના એક ખેડૂતના ઘરે એ ગયા હતા. ત્યાં પડેલા મકાઈના મોટા ઢગલામાંથી ખોબામાં થોડા દાણા લઈ, એના બે મોંઢે વખાણ કરવા લાગ્યા.



લાગણીનો મેળો
રસિક વાળંદ

જવાબમાં એ ખેડૂતે સ્નેહાળ સ્મિત ફરકાવ્યું. પેલા મૂક સેવકને મકાઈના દાણા એટલા બધાં ગમી ગયા હતાં કે ન પૂછો વાત.

પોતાની વાત આગળ ચલાવતા એ બોલ્યા; 'ભાઈ, તમે રજા આપો તો, આ થોડાક દાણા હું મારી સાથે લઈ જાઉં. અમારા દેશમાં પણ મકાઈની પેદાશ સારી છે, પણ અમારે ત્યાં આટલા મોટા દાણા થતાં નથી. મારે આ દાણા મારા દેશના ખેડૂત બાંધવોને બતાવવા છે. એ દાણા જોયા પછી એમને પણ આટલા મોટા દાણા પેદા કરવાની પ્રેરણા મળશે.'

'ના, ભાઈ, આ દાણા હું આપને નહિ આપું' આવા નકારની એ મૂક સેવકે બિલકુલ આશા રાખી નહોતી. અત્યાર સુધી એ જ્યાં જ્યાં ગયા ત્યાં અંતરના આદરથી એમનો સત્કાર થયો હતો.

એટલે ચીની ખેડૂતનો આ જવાબ સાંભળી, એ જરા છોભીલા પડી ગયા. મહેમાનના મનોભાવ એ ચીની ખેડૂત તરત જ કળી ગયો. એ બોલ્યો; 'ક્ષમા કરજો ભાઈ, આ દાણા મેં આપવાની ના પાડી એટલે આપને માઠું લાગ્યું હશે, પણ આ મોટા દાણા અલગ રાખ્યા છે. મહેસૂલમાં હું જો નાના દાણા આપું તો મેં સરકારની ચોરી કરી કહેવાય, તો તો હું સરકારનો અપરાધી કહેવાઉં.'

મૂક સેવક તો ખેડૂતનો જવાબ સાંભળી ડોલી ઉઠ્યા. એ ખેડૂતની પ્રશંસા કરતાં બોલ્યાઃ 'ભાઈ! આ મોટા દાણા આપવાનો ઈનકાર કર્યો એ બદલ જરાયે માઠું નથી લાગ્યું. તમારા દેશની આબાદીનું કારણ હવે મને સમજાઈ ગયું. 'મારા ઘરમાં મારા ભાગના જે દાણા પડ્યા છે એ આપ લઈ જાઓ. આ દાણા આટલા મોટા નથી પણ એના રોટલાની મીઠાશ માણીને આપ જરૂર રાજી થશો.' આમ કહીને ઘરની મકાઈની કોથળી ભરી આપી.

થેલી મૂક સેવકના હાથમાં મૂકી એ બહુ રાજી થયો અને એની વહાલભરી વિદાય લઈ મૂક સેવક આગળ વધ્યા. એ મૂક સેવક હતા ગુજરાતના લોકસેવક રવિશંકર મહારાજ!'

રાષ્ટ્રપ્રીતિનો આ પ્રસંગ ઘણું બધું શીખવી જાય છે. સમાજમાં પ્રવર્તતો રાષ્ટ્રભાવનાનો અભાવ એક પ્રકારનો દેશદ્રોહ જ છે. પેલા દલા તરવાડી જેવું. 'સૌ સાથીએ ખેતર સૂનું' 'સહુનું તે કોઈનું નહિ' આવી ભાવનાને પરિણામે ભ્રષ્ટાચાર, વેરઝેર વધ્યાં ને નૈતિક મૂલ્યો ખલાસ થયાં.

***સ્પર્શમણિ :***

પોતાને બધા 'ઓળખે' એવું તો બધા ઈચ્છે છે
પણ...
પોતાને કોઈ 'ઓળખી જાય' એ માણસને પોસાતું નથી.

- rasikvaland1965@gmail.com